Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૧૨૧૩૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૦૪/૦૮/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ
સુરત.

સામેલ પરિપત્રનો તમામ શાળાઓએ ચુસ્ત અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

અગત્યનું
સમય મર્યાદા

નંમક/આવિ/પ્રિ મેટ્રીક/૪૫૦૦/૨૦૨૩
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી
સી-૬ બહુમાળી મકાન, નાનપુરા સુરત
ફોન/ફેક્સ- ૦૨૬૧-૨૪૭૬૧૮૧
મેઇલ- vosurat@gmail.com
તા. ૦૧ /૦૮/૨૦૨૩

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત
(૩) શાસનાધિકારીશ્રી, સુરત
(૪) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ચોર્યાસી-કામરેજ-પલસાણા-ઓલપાડ-મહુવા-બારડોલી-માંગરોળ-ઉમરપાડા- માંડવી જિ.સુરત
(૫) આચાર્યશ્રી સુરત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ

વિષય : વર્ષ ૨૦૨૩-૨૪ માટે અનુસૂચિત જનજાતિના ધોરણ- ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રિક શિષ્યવૃતિની કામગીરી શાળા કક્ષાએથી પુર્ણ કરાવવા બાબત.

સંદર્ભ- માન. સંયુક્ત કમિશ્નરશ્રી, નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા., ગાંધીનગર ના પત્ર નં. આવિ/શિક્ષણ/ ફા.નં. ૧૩૫૪/૨૦૨૩ તા.૩૧/૭/૨૩

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ ધોરણ- ૧ થી ૧૦ ના અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃતી તથા ગણવેશ સહાયની દરખાસ્ત બનાવવા માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ શરૂ થયેલ છે.

સંદર્ભદર્શી પત્રમાં જણાવ્યા મુજબ તા.૯/૮/૨૦૨૩ ના રોજ વિશ્વ આદિવાસી દિન ની ઉજવણી નિમિત્તે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજના હેઠળ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને સામુહિક ચુકવણું કરવાનું આયોજન છે.

આથી, સદર યોજના હેઠળ દરખાસ્તો તૈયાર કરી દિના-૩માં અત્રેની કચેરીને મોકલવા માટે આપની શાળાઓને સુચના આપી કામગીરી પુર્ણ કરાવવા વિનંતી છે.

ખાસ નોંધ- ધો-૯-૧૦ ના વિદ્યાર્થીઓની (૨.૫ લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા) સ્કોલરશીપની દરખાસ્ત બનાવવા માટે NPCI સર્વર પર વિદ્યાર્થીઓના બેંક ખતા આધારકાર્ડ સાથે લિંક હોવા તેમજ DBT ENABLE કરાવવું જરૂરી છે.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ- સુરત

નકલ રવાના -
(૧) મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી બારડોલી-માંગરોળ- મહુવા- માંડવી-ઉમરપાડા
(૨) હેડકલાર્કશ્રી સુરત સીટી
(૩) સિનિયર ક્લાર્કશ્રી પલસાણા-ઓલપાડ-કામરેજ-ચોર્યાસી

૨/- આપના તાલુકાની શાળાઓનો રૂબરૂ સંપર્ક કરી સદર કામગીરી દિન-૩ માં પુર્ણ થાય તે મુજબનું આયોજન કરવું.

8196

વિશ્વ આદિવાસી દિવસ સંદર્ભે
ટોચ અગ્રતા

નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૩૬૫/૨૦૨૩/
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા.૩૧/૦૭/૨૦૨૩

પ્રતિ,
મદદનીશ કમિશ્નરશ્રી,(આ.વિ.),
મુ....................જિ....................
આદિજાતિ વિકાસ અધિકારીશ્રી, ,(આ.વિ.),
જિ. ડાંગ/ કચ્છ.

વિષયઃ આગામી "વિશ્વ આદિવાસી દિવસ" તા.૦૯/૦૮/૨૦૨૩ની ઉજવણી નિમિત્તે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયનું સામૂહિક ચુકવણું કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગત વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં તા.૯ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ "વિશ્વ આદિવાસી દિવસ" ની ઉજવણી નિમિત્તે રાજય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજના હેઠળ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું સામૂહિક ચુકવણું કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal પર શિષ્યવૃત્તિ માટેનું સોફ્ટવેર ડેવલોપ કરવામાં આવેલ છે. જેમાં શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે. જે અન્વયે NIC સાથે પરામર્શ કરતાં રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય યોજના હેઠળ Digital Gujarat Portal પર દરખાસ્તો બનાવવા માટે પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે. જેથી આપના તાબા હેઠળ આવતી શાળાના આચાર્યશ્રીઓ પાસે દરખાસ્તો બનાવવા અંગેની કામગીરી તાત્કાલિક કરવા સૂચના આપવા વિનંતી.

વધુમાં ઉક્ત યોજના હેઠળ ચાલુ વર્ષ:૨૦૨૩-૨૪ માં ગ્રાંટની ફાળવણી કરવામાં આવેલ છે. જેથી ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઇ દરખાસ્ત મંજુર કરવા તથા તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ જ શિષ્યવૃત્તિ ચુકવણી થાય તે અંગેની કાર્યવાહી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત કમિશનર
નિયામક, આદિજાતિ વિકાસની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર